


# શશિ કપૂર શરત હાર્યા અને નંદાને મળ્યું મેરેજ પ્રપોઝલ!

**કેમેરા પાછળની રિયલ સ્ટોરી હંમેશાં સ્ક્રીન પર દેખાતી વાર્તા કરતાં વધુ મજેદાર હોય છે. 'જબ જબ ફૂલ ખીલે'ની સ્ક્રિપ્ટ પહેલાં તો બધા જ પ્રોડ્યુસર્સે ફગાવી દીધી હતી, પણ જ્યારે બની ત્યારે ઇતિહાસ રચી ગઈ! શશિ કપૂરનું નેક્સ્ટ લેવલ ડેડિકેશન, ચાલતી ટ્રેનનો એ રુંવાડા ઊભા કરી દેતો સીન અને સુપરસ્ટાર રાજેશ ખન્નાના એન્ટ્રી કનેક્શન જેવા બ્લોકબસ્ટર કિસ્સાઓ જાણવા માટે આગળ વાંચો આ ખાસ આર્ટિકલ!**



1965નો જમાનો હતો, પણ ફિલ્મની વાઈબ એકદમ કિલર હતી! જો તમને લાગતું હોય કે આજની ફિલ્મો જ ટ્રેન્ડ સેટ કરે છે, તો બોસ, શશિ કપૂર અને નંદાની બ્લોકબસ્ટર 'જબ જબ ફૂલ ખીલે' વિશે તમારે જાણવું જ પડશે. આ કોઈ ટિપિકલ રોમાન્સ નહોતો, પણ કાશ્મીરની બ્યુટી વચ્ચે શૂટ થયેલો એક જાદુ હતો. ચાલો જાણીએ આ કલ્ટ ક્લાસિકના કેટલાક માઈન્ડ-બ્લોઈંગ બિહાઈન્ડ-ધ-સીન્સ ફેક્ટ્સ.

સ્ક્રિપ્ટ રાઈટર બ્રિજ કટિયાલ પોતાની સ્ક્રિપ્ટ લઈને બોલિવૂડના મોટા પ્રોડ્યુસર્સ પાસે ફર્યા, પણ બધાએ 'નો થેન્ક્સ' કહી દીધું. છેવટે, ડિરેક્ટર સૂરજ પ્રકાશને આ સ્ક્રિપ્ટમાં એક અલગ જ પોટેન્શિયલ દેખાયું. તેમણે રિસ્ક લીધું, પ્રોડ્યુસર હિરેન ખેડાને મનાવી લીધા અને હિસ્ટ્રી ક્રિએટ કરી દીધી!

એ ટાઈમે નંદા ઈન્ડસ્ટ્રીનાં ટોપ-ટાયર સ્ટાર હતાં અને શશિ કપૂર હજુ સ્ટ્રગલિંગ ફેઝમાં હતા. છતાં નંદાએ કોઈ જ નખરા વગર એક નવા હીરો સાથે સ્ક્રીન શેર કરવાની હા પાડી. આનાથી શશિ કપૂર આખી લાઈફ નંદાની રિસ્પેક્ટ કરતા રહ્યા.

ફિલ્મમાં શશિ કપૂરે 'રાજા' નામના શિકારાવાળા (બોટમેન) નો રોલ પ્લે કર્યો છે. આ રોલ માટે ભાઈએ નેક્સ્ટ લેવલ ડેડિકેશન બતાવ્યું! કાશ્મીર જઈને અસલી બોટમેન સાથે રહ્યા, તેમની બોડી લેંગ્વેજ કોપી કરી અને તેમની સાથે બેસીને જમ્યા પણ ખરા. બીજી

> **એ ટાઈમે નંદા ઈન્ડસ્ટ્રીનાં ટોપ-ટાયર સ્ટાર હતાં અને શશિ કપૂર હજુ સ્ટ્રગલિંગ ફેઝમાં હતા, છતાં નંદાએ કોઈ જ નખરા વગર એક નવા હીરો સાથે સ્ક્રીન શેર કરવાની હા પાડી**

બાજુ, નંદાએ પોતાનો ટિપિકલ દેશી લુક છોડીને પહેલીવાર એકદમ ગ્લેમરસ અને મોર્ડન આઉટફિટ્સ ટ્રાય કર્યા. ફિલ્મમાં નંદાના કેરેક્ટરનું જે છોકરા સાથે એંગેજમેન્ટ થાય છે, તેનું નામ 'જતિન ખન્ના' હતું. મજેદાર ટ્વિસ્ટ એ છે કે બરાબર એ જ સમયે બોલિવૂડમાં એક નવો એક્ટર એન્ટ્રી મારી રહ્યો હતો જેનું રિયલ નામ પણ જતિન ખન્ના જ હતું. હવે બે જતિન ખન્ના વચ્ચે કન્ફ્યુઝન ન થાય એટલે એ નવા એક્ટરે પોતાનું નામ બદલી નાખ્યું. ગેસ કરો કોણ? હા, બોલિવૂડના ફર્સ્ટ સુપરસ્ટાર - કાકા એટલે કે રાજેશ ખન્ના!

**મુવિયાના**

શ્રીનગરમાં શૂટિંગ ચાલતું હતું ત્યારે એક મહારાષ્ટ્રીયન લેફ્ટનન્ટ કર્નલ નંદાની બ્યુટી જોઈને એવા તો ફિદા થઈ ગયા કે સીધા ડિરેક્ટર પાસે પહોંચી ગયા અને બોલ્યા, ' મારે નંદા સાથે જ મેરેજ કરવા છે!' જોકે નંદાને આમાં કોઈ ઈન્ટરેસ્ટ નહોતો, એટલે ભાઈનું દિલ ત્યાં જ તૂટી ગયું.



પહેલાં ફિલ્મનો એન્ડ એકદમ ટિપિકલ એક્શન વાળો હતો - ગુંડાઓ સાથે ફાઈટિંગ, પણ ડિરેક્ટરને કંઈક ક્લાસી જોઈતું હતું. તેમણે હોલિવૂડ ફિલ્મ 'લવ ઈન ધ આફ્ટરનૂન' જોઈ અને તેમાંથી આઈડિયા લઈને બોમ્બે સેન્ટ્રલ રેલવે સ્ટેશનવાળો આઈકોનિક ટ્રેન સીન પ્લાન કર્યો, પણ શૂટિંગ વખતે એક મોટી ટ્રેજેડી થતા રહી ગઈ! શશિ કપૂર ચાલતી ટ્રેનના દરવાજે ઊભા હતા અને નંદા પ્લેટફોર્મ પર દોડતા હતા. શશિ કપૂરે નંદાનો હાથ પકડીને અંદર ખેંચવામાં માઈક્રો-સેકન્ડ્સની વાર કરી અને પ્લેટફોર્મ પૂરું થવા આવ્યું! નંદા માંડ માંડ બચ્યા. ડિરેક્ટર તો એટલા ડરી ગયા હતા કે તેમણે કેમેરા પાછળ આંખો જ બંધ કરી દીધી હતી.

શશિ કપૂરને કોઈ કોન્ફિડન્સ નહોતો કે આ ફિલ્મ ચાલશે. તેમણે ડિરેક્ટર સાથે શરત લગાવી કે ફિલ્મ 8 અઠવાડિયા માંડ ખેંચશે. ડિરેક્ટરે કહ્યું કે 25 અઠવાડિયા પાક્કા. શરત એવી હતી કે હારનાર વ્યક્તિ મુંબઈની તાજ હોટલમાંથી વિજેતાને બ્રૅન્ડેડ અને પ્રીમિયમ કસ્ટમ-મેડ સૂટ સિવડાવી આપશે.

ફિલ્મે બોક્સ ઓફિસ પર આગ લગાવી દીધી અને ગોલ્ડન જ્યુબિલી બની! શશિ કપૂર શરત હાર્યા અને ખુશી ખુશી ડિરેક્ટરને મસ્ત સૂટ ગિફ્ટ કર્યો. ફિલ્મ સુપરહિટ થયા પછી કોઈએ નોટિસ કર્યું કે ફિલ્મમાં કાશ્મીરી બોટમેન 'રાજા'નો ધર્મ કયો હતો? રિયાલિટીમાં કાશ્મીરના શિકારાવાળા મોટેભાગે મુસ્લિમ હોય છે, પણ ડિરેક્ટર અને રાઈટરની આ જ તો સ્માર્ટનેસ હતી! તેમણે સ્ટોરીમાં ધર્મનો કોઈ એંગલ જ ન રાખ્યો, બસ એક પ્યોર લવ સ્ટોરી બતાવી અને પબ્લિકે તેને ખોબેખોબા ભરીને પ્રેમ આપ્યો.

કલ્યાણજી-આનંદજીનું મ્યુઝિક અને આનંદ બક્ષીના લિરિક્સ... બસ, આ કોમ્બોએ મેજિક કરી દીધું. 'પરદેસીયોં સે ના અંખિયા મિલાના', 'યે સમા, સમા હૈ યે પ્યાર કા', 'એક થા ગુલ...' આ ગીતો આજે પણ કોઈના Spotify પ્લેલિસ્ટમાં ઑન-લૂપ વાગી શકે એવા છે. આ ફિલ્મ માત્ર ઈન્ડિયામાં જ નહીં, પણ નોર્થ આફ્રિકાના દેશોમાં (જેમ કે અલ્જીરિયા) બે-બે વર્ષ સુધી થિયેટરમાં હાઉસફુલ ચાલી હતી! આજે પણ મોરક્કોના લોકો કોઈ ઈન્ડિયનને જુએ તો પૂછે છે, 'તમે શશિ કપૂરના દેશના છો?' અને સ્પેશિયલ ડિસ્કાઉન્ટ પણ આપે છે. આ ફિલ્મનો ક્રેઝ અને વાર્તા એટલી દમદાર હતી કે 1996માં આમિર ખાન અને કરિશ્મા કપૂરની બ્લોકબસ્ટર ફિલ્મ 'રાજા હિન્દુસ્તાની' બનાવવામાં આવી, જે આ જ ફિલ્મની ઓફિશિયલ રિમેક હતી. આ ઓરિજિનલ ક્લાસિક આજે પણ જોવામાં એકદમ ફ્રેશ અને પૈસા વસૂલ એક્સપિરિયન્સ છે! ●

# મકખીને હીરો બનાવવા રાજામૌલીએ કેમ વાપર્યું VFX?

ફિલ્મમાં હીરોની ધમાકેદાર એન્ટ્રી, વિલન સાથે ટક્કર, પ્રેમની મસ્તી અને છેલ્લે જોરદાર બદલો! આ બધું તો સામાન્ય છે. પણ જો આ બધું કોઈ માણસ નહીં, એક નાનકડી માખી કરે તો? સાંભળીને કદાચ હસવું આવે, પરંતુ 'બાહુબલી' જેવી ભવ્ય ફિલ્મ બનાવનાર ડિરેક્ટર એસ. એસ. રાજામૌલીએ આ અતરંગા આઈડિયાને પડદા પર ઉતારીને કમાલ કરી હતી. તેમની તેલુગુ ફિલ્મ 'ઈગા' હિન્દીમાં 'મક્ખી' નામે રજૂ થઈ હતી. ફિલ્મમાં માખી વિલનને જે રીતે હેરાન કરે છે, તે જોઈને મજા પડી જાય છે. પરંતુ આ નાનકડા હીરોને જીવંત બનાવવા માટે પડદા પાછળ થયેલી મહેનત કોઈ બ્લોકબસ્ટરથી ઓછી નહોતી!

માણસને હીરો બનાવવો હોય તો કોસ્ટ્યૂમ, હેરસ્ટાઈલ અને એક્ટિંગથી કામ ચાલી જાય. પરંતુ માખીના ચહેરા પર ગુસ્સો, આંખોમાં બદલો અને હિલચાલમાં એટિટ્યૂડ બતાવવો હોય તો? રાજામૌલીની ટીમ સામે આ મોટો પડકાર હતો. માખીનું સ્વરૂપ કમ્પ્યુટર પર તૈયાર કરતાં પહેલાં તેની આંખો, પાંખો અને શરીરની ઝીણી વિગતોનો સ્ટુડી કરવામાં આવ્યો હતો.

માખી ખૂબ નાની હોવાથી તેની નજીકથી ફોટા લેવી આસાન નહોતી. લાઈટ ચાલુ થતાં જ તે ઊડી જતી હતી. એક મુલાકાતમાં રાજામૌલીએ જણાવ્યું હતું કે માખીઓને પકડીને તેમની ફોટા લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. આખરે કેટલીક માખીઓને બોટલમાં રાખીને રેફ્રિજરેટરમાં ઠંડી કરવામાં આવી, જેથી તે થોડા સમય માટે નિષ્ક્રિય થઈ જાય. ત્યારબાદ શક્તિશાળી લેન્સની મદદથી તેમની અત્યંત નજીકથી ફોટા લેવામાં આવ્યા. જેથી થોડા સમય માટે તેમની હિલચાલ ધીમી પડે અને નજીકથી ફોટા લઈ શકાય. આ ફોટાના આધારે કમ્પ્યુટરની મદદથી માખીનું સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું. પરંતુ અહીં પણ એક ટ્વિસ્ટ હતો! વાસ્તવિક માખીને મોટા પડદા પર મોટી કરીને બતાવવામાં આવે તો તે સુંદર લાગવાને બદલે ડરામણી દેખાઈ શકે એટલે તેની આંખો અને ચહેરાની રચનામાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા, જેથી તે વાસ્તવિક લાગે અને ઑડિયન્સને તેની સાથે લાગણીથી જોડાવાનું મન થાય. એટલે કે આ હીરોના લુકમાં પણ ક્રિએટિવિટીનો જબરદસ્ત ડોઝ હતો!

જરા ઈમેજિન કરો કે તમે કોઈની સામે ગુસ્સે થઈને જોઈ રહ્યા છો, પણ હકીકતમાં

> **'મક્ખી'નો હીરો ભલે નાનકડી માખી હોય, પણ તેની પાછળની મહેનત એકદમ બ્લોકબસ્ટર લેવલની હતી!**

સામે કોઈ છે જ નહીં! 'માખી'ના એક્ટરોએ શૂટિંગ દરમિયાન આવી જ સ્થિતિનો સામનો કર્યો હતો. માખી ક્યાં ઊડશે, ક્યાં બેસશે અને કઈ દિશામાંથી આવશે, તેની કલ્પના કરીને એક્ટિંગ કરવો પડતો હતો. એક્ટરોએ ડિરેક્ટરની સૂચના પ્રમાણે નજર અને ચહેરાના હાવભાવ ગોઠવવાના હતા.

**પરદે કે પીછે**

વિલનની ભૂમિકા ભજવનાર સુદીપ માટે પણ આ અનુભવ સરળ નહોતો. સામે અસલી માખી ન હોવા છતાં તેની સામે ગુસ્સો કરવાનો, તેનાથી પરેશાન થવાનો અને તેની હરકતોનો જવાબ આપવાનો હતો. પડદા પર આ બધું એકદમ નેચરલ લાગે છે, પરંતુ તેની પાછળ એક્ટરોની ઈમેજિનેશન અને એક્ટિંગની અસલી કસોટી હતી.

માખીને કમ્પ્યુટર પર તૈયાર કરી દેવી એ જ આખી રમત નહોતી. તેને હવામાં ઊડતી, વસ્તુઓ પર બેસતી અને વિલનને હેરાન કરતી બતાવવી પણ એટલી જ મુશ્કેલ હતી. દરેક દૃશ્યમાં તેની હિલચાલ સ્વાભાવિક લાગે, પ્રકાશ અને પડછાયા સાથે મેળ બેસે તથા આસપાસની વસ્તુઓ સાથે તેની ક્રિયા વાસ્તવિક દેખાય, તેનું ખાસ ધ્યાન રાખવું પડતું હતું. વિઝ્યુઅલ ઈફેક્ટનું કામ ચાર મહિનામાં પૂરું કરવાની યોજના હતી, પરંતુ તે લગભગ 14 મહિના સુધી ચાલ્યું હોવાનું જણાવાયું છે. મકુટા સહિતની ટીમે માખીને જીવંત દેખાડવા માટે ઝીણવટભર્યું કામ કર્યું. પડદા પર થોડીક સેકન્ડ માટે દેખાતી માખી પાછળ કલાકો નહીં, મહિનાઓની મહેનત છુપાયેલી હતી.



'માખી'એ સાબિત કરી દીધું કે હીરો બનવા માટે છ ફૂટની ઊંચાઈ, મજબૂત શરીર કે લાંબા ડાયલોગની જરૂર નથી. આ નાનકડો જીવ ઑડિયન્સને હસાવી પણ શકે, લાગણીશીલ પણ બનાવી શકે અને બદલો લેતી વખતે તાળીઓ પણ પડાવી શકે! અનોખી કલ્પના, એક્ટરોનો દમદાર એક્ટિંગ અને વિઝ્યુઅલ ઈફેક્ટની કમાલે આ અશક્ય લાગતા આઈડિયાને યાદગાર બનાવી દીધો. પડદા પર માખીએ વિલનને ધૂળ ચટાડી, જ્યારે પડદા પાછળની ટીમે પોતાની ક્રિએટિવિટીનો પૂરો દમ લગાવ્યો. સાચે જ, આ હીરો સાઈઝમાં ભલે નાનો હતો, પણ તેનો જલવો એકદમ બ્લોકબસ્ટર લેવલનો હતો! ●

# જોની ડેપને વાંદાઓ કેમ વહાલા?

હોલિવૂડના હીરોની બેગમાંથી મોંઘાં પરફ્યુમ, ડિઝાઈનર ચશ્માં કે લક્ઝરી બ્રાન્ડની વસ્તુઓ નીકળે તો નવાઈ નહીં. પરંતુ બેગ ખોલતાં જ અંદરથી મરેલી પિરાન્હા માછલીઓ અને ચામાચીડિયું નીકળે તો? એરપોર્ટ પર સિક્યોરિટીવાળાની આંખો પહોળી થઈ જાય એ સ્વાભાવિક છે! હોલિવૂડના અતરંગી સ્ટાર જોની ડેપ સાથે કંઈક આવો જ કિસ્સો બન્યો હતો. 'પાઈરેટ્સ ઑફ ધ કેરેબિયન'માં કેપ્ટન જેક સ્પેરો બનીને દરિયાઈ સાહસો કરનારા જોની ડેપની અસલી જિંદગીમાં પણ અજબગજબના કિસ્સાઓની કમી નથી. 2003માં પેરુથી મિયામી પહોંચ્યા ત્યારે તેમની બેગમાં ભરેલી પિરાન્હા માછલીઓ અને એક મૃત વેમ્પાયર બેટે કસ્ટમ્સ અધિકારીઓનું ધ્યાન ખેંચ્યું હતું. આ કોઈ ફિલ્મનું પ્રોપ્સ નહોતું, પરંતુ તેમના વિચિત્ર કલેક્શનનો ભાગ હતું!



હવે સવાલ એ થાય કે એક સુપરસ્ટારને આવો શોખ શા માટે હોય? તો ભાઈ, જોની ડેપને નાનપણથી જ જીવજંતુઓ પ્રત્યે અજબ આકર્ષણ રહ્યું છે. એક ટેલિવિઝન કાર્યક્રમમાં તેમણે પોતાના જીવજંતુઓના કલેક્શન વિશે વાત કરી હતી. ખાસ કરીને વાંદાઓ પ્રત્યેનો તેમનો લગાવ સાંભળીને કાર્યક્રમનાં સંચાલક પણ આશ્ચર્યમાં પડી ગયાં હતાં.

જોની ડેપે આ શોખ પાછળ લેખક ફ્રાન્ઝ કાફ્કાની વાર્તા 'ધ મેટામોર્ફોસિસ'નો ઉલ્લેખ કર્યો હતો. આ વાર્તામાં એક માણસ સવારે ઊઠે ત્યારે પોતે વિશાળ જીવજંતુ બની ગયો હોવાનું અનુભવે છે. સામાન્ય માણસ માટે આ હોરર જેવી વાત, પણ ડેપને એમાં સાહિત્યનો અલગ જ રોમાંચ દેખાયો! તેમને જીવજંતુઓના નમૂનાઓ સાચવવાનો પણ શોખ. પેરિસની દુકાનોમાંથી તેમણે આવા નમૂનાઓ ખરીદ્યા હતા. એટલે તેમની દુનિયામાં મોંઘી ઘડિયાળ કરતાં કાચની ફ્રેમમાં સાચવેલો વાંદો પણ એટલો જ ખાસ બની શકે! જોકે, અહીં મજાની વાત એ છે કે પડદા પર તેઓ જેટલા અતરંગી પાત્રો ભજવે છે, એટલી જ તેમની અંગત પસંદગીઓ પણ લોકોને ચોંકાવે છે. ફરક એટલો જ કે ફિલ્મમાં કેપ્ટન જેક સ્પેરો ખજાનો શોધે છે, જ્યારે અસલી જીવનમાં જોની ડેપનું કલેક્શન જ લોકોને ખજાના કરતાંય વધુ રહસ્યમય લાગે છે.

હવે કોઈ જોની ડેપને પૂછે કે તમારા ઘરમાં સૌથી અનોખી વસ્તુ કઈ છે, તો જવાબમાં કોઈ હીરાનો હાર કે મોંઘી ટ્રોફીનું નામ આવે કે નહીં એ ખબર નથી; પણ વાંદાઓ અને પિરાન્હાની વાત નીકળે તો આ સ્ટારની અતરંગી દુનિયાની ઝલક જરૂર મળી જાય! ●

**હોલિવુડ હંગામા**

# હોલિવૂડની 'બાઈટિંગ બ્યુટી' સેલ્મા બ્લેર!

હોલિવૂડમાં સ્ટાર્સના નખરા, ડ્રામા અને વિચિત્ર હરકતોની વાતો તો તમે ઘણી સાંભળી હશે, પણ કોઈ સેલિબ્રિટી લોકોને કરડે અને એ પણ પ્લેનની અંદર? આ તો જાણે ફિલ્મી સ્ક્રિપ્ટમાં હોરર, થ્રિલર અને કોર્ટરૂમ ડ્રામાનો મસાલો એકસાથે નાખી દીધો હોય એવી ઘટના છે! 'લીગલી બ્લોન્ડ' અને 'ક્રૂઅલ ઈન્ટેન્શન્સ' જેવી ફિલ્મોથી જાણીતી એક્ટ્રેસ સેલ્મા બ્લેર હાલમાં પોતાની એક ફ્લાઈટ ઘટનાને કારણે ચર્ચામાં છે. જૂની યાદો ખંખેરવામાં આવી રહી છે અને તેમની 2022ની આત્મકથા પણ ફરી હેડલાઈન્સમાં આવી ગઈ છે.

લોસ એન્જલસથી ન્યૂયોર્ક જતી ડેલ્ટા એરલાઈન્સની ફ્લાઈટમાં 54 વર્ષીય સેલ્મા બ્લેર પર બે ફ્લાઈટ એટેન્ડન્ટ્સને ઈજા પહોંચાડવાનો આરોપ લાગ્યો છે. એવો પણ આરોપ છે કે વિમાન હવામાં હતું ત્યારે દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો, એક ક્રૂ મેમ્બરને મુક્કો માર્યો હતો અને બીજીને કરડી હતી. પ્લેન ન્યૂયોર્કના JFK એરપોર્ટ પર પહોંચ્યા બાદ મામલો વધુ ગંભીર બન્યો. સેલ્મા પર પોલીસ અધિકારીને લાત મારવા અને હોસ્પિટલમાં નર્સ સાથે મારામારી કરવાનો પણ આરોપ મૂકાયો.

ટૂંકમાં કહીએ તો, મુસાફરો જ્યાં ફિલ્મ જોતા-જોતા સમય પસાર કરે છે, ત્યાં આ ફ્લાઈટમાં જાણે લાઈવ એક્શન ફિલ્મ ચાલી રહી હોય એવો માહોલ સર્જાયો જોકે, આ તમામ આરોપો છે અને કેસમાં કાનૂની પ્રક્રિયા ચાલુ છે.

હવે સૌથી મજેદાર અને ચોંકાવનારો ટ્વિસ્ટ સાંભળો. આ કોઈ પહેલી ઘટના નથી, કારણ કે સેલ્માએ પોતાની 2022ની આત્મકથા Mean Baby: A Memoir of Growing Up માં કબૂલ્યું હતું કે સામાજિક પ્રસંગોમાં તે ક્યારેક લોકોને કરડી બેસતી હતી! તેમની આદતની વાતમાં એક્ટ્રેસ સિએના મિલર, કોમેડિયન સેથ મેકફાર્લેન અને સુપરમૉડલ કેટ મૉસનાં નામ પણ સામે આવ્યાં હતાં.



સેલ્માએ પુસ્તકમાં પોતાની આ વિચિત્ર આદત પાછળનું કારણ સમજાવતાં લખ્યું હતું કે, "મારું સિસ્ટમ ભરાઈ જાય છે અને તરત જ શોર્ટ-સર્કિટ થઈ જાય છે." એટલે કે, સામાજિક પરિસ્થિતિમાં પોતે અભિભૂત થઈ જાય ત્યારે તેમની પ્રતિક્રિયા અણધારી બની જતી હતી. અલબત્ત, આ તેમનો પોતાનો અનુભવ હતો; તેને દરેક ઘટનાનું કારણ માની શકાય નહીં.

કેટ મૉસ સાથેનો કિસ્સો તો ખાસ ચર્ચાસ્પદ રહ્યો હતો. સેલ્માએ મજાકમાં તેને કરડી હતી, પરંતુ બીજી વખત કેટને દુખાવો થતાં તેમણે પણ સેલ્માની આંગળી કરડી લીધી હતી! જાણે હોલિવૂડમાં 'બાઈટ બૅક'નો નવો ટ્રેન્ડ શરૂ થઈ ગયો હોય! ●